**Date: 26.06.2023.**

**To,**
**The Listing Department**
**National Stock Exchange of India Limited,**
**Exchange Plaza, 5th Floor, Plot No. C-1,**
**G-Block, Bandra Kurla Complex**
**Mumbai – 400051**

**NSE Symbol: VIVIANA**

**Sub: Intimation to Stock Exchanges regarding publication of Notice related to AGM and other related matters.**

Dear Sir/Madam

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we enclose herewith copies of newspaper advertisements dated June 26, 2023, published in Business Standard (English Newspaper) and Loksatta Jansatta (Gujarati Newspaper), regarding Notice related to AGM, Book Closure and E-voting and other related matters.

You are requested to take the same on your record.

Thanking You,

Yours Faithfully,

**For VIVIANA POWER TECH LIMITED**

HIRAL INDRAVADAN BHATT
Digitally signed by HIRAL INDRAVADAN BHATT
Date: 2023.06.26 16:42:35 +05'30'

VIVIANA POWER TECH LTD. * VADODARA *

**Hiral Indravadan Bhatt**
**Company Secretary & Compliance Office**

**Encl: As Above**

### વિશ્વભરના પ્રવાસીઓ માટે પસંદગીના સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના

# ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વર્કશોપ યોજાયો

### સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે આયોજન

રાજપીપળા,તા.૨૫

સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે ત્યારે હવે કળાના વિદ્યાર્થીઓ માટે પણ શ્રેષ્ઠતમ સ્થળ બનવા જઈ રહ્યું છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓના અભ્યાસિક પ્રવૃત્તિના લાભાર્થે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ પ્રવાસીય સ્થળોએ ચિત્રકળાનો ત્રિદિવસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપનો પ્રારંભ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સચિવ ટી.આર. દેસાઈ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ કલેક્ટર શિવમ બારીયાએ



કરાવ્યો હતો.આ અંગે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સચિવ ટી.આર.દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી ચિત્રકલા, શિલ્પકલા, ગ્રાફીકકલા અને છબીકલા જેવી દ્રશ્ય લલિતકલાઓના પ્રસાર અને વિકાસ માટે અગત્યની પ્રવૃત્તિઓ હાથ ધરે છે.રાજ્યની કલા અને કલાકારોનો પરિચય સામાન્ય જનસમુદાયને મળે અને રાજ્યના કલાકારોને પ્રોત્સાહન મળે તથા ભાવિપેઢીમાં કલા પ્રત્યે રૂચી વધે અને તેમને આ ક્ષેત્રે વિકાસની પ્રેરણા મળે તે માટે અકાદમી ઈ.સ.૧૯૬૧ થી કાર્યરત છે ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સતામંડળ દ્વારા કલા પ્રેમીઓ અને વિદ્યાર્થીઓ માટે દ્વાર ખોલાયા છે જે આવકારદાયકે છેસદર વર્કશોપ અંતર્ગત પહેલા તબક્કે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના ડિપાર્ટમેન્ટ ઓફ પેઈન્ટિંગના ૩૦ વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે પ્રતિમા અને એકતાનગરની સુંદરતાને ચિત્ર સ્વરૂપે કાગળ પર વિદ્યાર્થીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી,વિશ્વ વેન, કેક્ટસ ગાર્ડન, નર્મદા ડેમ, જંગલ સફારી અને ખલવાણી ઈકો ટુરિઝમ ખાતેની સુંદરતા અને ભવ્યતાને પોતાની કળાને કાગળ પર ઉતારી હતી. આ અંગે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ જય શાહે જણાવ્યું હતું કે, અમારા માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેનો આ વર્કશોપ અમારા અભ્યાસમાં મહત્વનો પડાવ સાબિત થશે કારણ કે,સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં કુદરતે અખૂટ સૌંદર્ય પાથર્યું છે અને ગુજરાત સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ બાદ સર્વશ્રેષ્ઠ પ્રવાસીય સ્થળ બન્યુ છે.આ પ્રસંગે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના ડિપાર્ટમેન્ટ ઓફ પેઈન્ટિંગના આસી.પ્રોફેસર સર્વ અરવિંદ સુથાર, પિયુષ ઠક્કર, રાહુલ મુખર્જી હાજર રહયા હતા.

### નવીનગરીમાં રહેતો યુવક કોઈક કામ અર્થે જંબુસર તરફ જતો હતો ત્યારે

# આમોદ શમા ચોકડી પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત

### આમોદ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

રૂચ,તા.૨૫

આમોદના પશુદવાખાના નવીનગરીમાં રહેતો યુવક કોઈક કામ અર્થે જંબુસર તરફ જતો હતો ત્યારે આમોદ શમાં ચોકડી પાસે કોઈ અજાણ્યા વાહને સામેથી ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કરુંણ મોત થયું હતું.પોલીસે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માત ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આમોદના પશુદવાખાના નગરીમાં રહેતો રાકેશ રામજીભાઈ વસાવા ઉ.વ.૨૩ પોતાની નવી બાઈક લઈને જંબુસર તરફ કોઈક કામ અર્થે જતો હતો. ત્યારે આમોદના શમાં ચોકડી પાસે કોઈ અજાણ્યા વાહને સામેથી ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં રાકેશ વસાવાને માથાના ભાગે તેમજ કમર અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું.૧૦૮ મારફતે તેને આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યો હતો જ્યાં તેનું પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમોદ પોલીસ મથકે મરણ જનાર રાકેશ વસાવાના પિતા રામજીભાઈએ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.અત્રે ઉલ્લેખનીય છે



કે રાકેશ વસાવા ત્રણ બહેનો વચ્ચે એક જ ભાઈ હતો તેમજ તેની પત્ની અને એક વર્ષની પુત્રી છે. પરિવારમાં એકના એક ભાઈનું મોત થતા બહેનો તથા તેની પત્નીએ ભારે આક્રંદ કર્યું હતું.

### આંદોલન માટે આદિવાસી સમાજને એક થવા હાંકલ પણ કરી

# સુરત અને પલસાણામાં દીકરીઓ ઉપર અત્યાચાર સામે જંગ લડવા ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા મેદાને

### દુષ્કર્મ કરનારાને ફાંસી આપો એવી ચૈતર વસાવાની માંગ કરી

રાજપીપળા,તા.૨૫

તાજેતરમાં સુરત ખાતે ૪ વર્ષની આદિવાસી બાળકી પર દુષ્કર્મ કરી મારી નાખવાની કોશિશ કરવામાં આવી હતી, આજે હોસ્પિટલમાં એ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.જ્યારે બીજા બનાવમાં સુરત પલસાણાની યુવતી સોનલ ચૌધરીની હત્યા થઈ કે શું થયું હજુ કોઈ તપાસ ચાલુ નથી.આ બે બનાવોમાં પરિવારોને ન્યાય મળે અને દુષ્કર્મ કરનારને કડક સજા મળે એ માટે દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા મેદાનમાં આવી આ બનાવોને લઈને સુરતમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી કસૂરવારોને ફાંસી જેવી સજા કરો તો આ દુષ્કર્મો ઓછા થશે એવી માંગ કરી છે.

ડેડીયાપાડા આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યા છે.ગુજરાતમાં મહિલાઓ સુરક્ષિત નથી.સુરતથી આવતા રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી સામે પણ આક્ષેપો કરી જણાવ્યું હતું કે સુરતની જ બે ઘટનાઓમાં ગૃહમંત્રી કશું કરતા નથી.સુરતમાં બળાત્કાર અને પલસાણામાં માનસિક ત્રાસ આપી મૃત્યુ થયું જે બાબતે પોલીસ પણ મૌન સેવી રહી છે.આ બન્ને દીકરીઓને ન્યાય નહિ મળે તો સુરત ખાતે મોટી સંખ્યામાં આંદોલન કરવાની ચીમકી ધારાસભ્ય ચૈતર વસાવાએ આપી છે.અને આંદોલન માટે આદિવાસી સમાજને એક થવા હાંકલ પણ કરી છે.ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે હિંદુ મુસ્લિમના નામે અને ગાયના નામે રાજનીતી કરતા સંગઠનો આજે આ આદિવાસી પીડિતાના ન્યાય માટે આગળ આવતા નથી એ દુ:ખની વાત છે.ત્યારે ધારાસભ્ય આ બાબતે ચૂપ બેસી રહે તેમ નથી જો સરકાર આ કેસમાં પગલાં નહિ ભરે તો આમ આદમી પાર્ટી મોટું આંદોલન સુરત ખાતે કરશે એવી ચીમકી પણ ધારાસભ્ય ચૈતર વસાવા એ આપતા રાજકીય ગરમાવો વધ્યો છે.

# ૫૦૦ રૂપિયાની નોટ RBI ગવર્નર સહી પર PIBએ મોટી વાત કહી

નવીદિલ્હી,તા.૨૫

૫૦૦ રૂપિયાની નોટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. ૨૦૦૦ની નોટો બંધ થવાને કારણે નકલી નોટો બજારમાં ધૂમ મચાવી રહી છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર ૫૦૦ રૂપિયાની નોટને લઈને અનેક પ્રકારના નકલી મેસેજ પણ વાયરલ થઈ રહ્યા છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર RBI ગવર્નરના હસ્તાક્ષર સંબંધિત એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. જેનું સત્ય PIB ફેક્ટ ચેકરે જણાવ્યું છે PIB ફેક્ટ ચેકમાં આ વાત સંપૂર્ણપણે નકલી હોવાનું જણાવવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં તમારે આ મેસેજ પર ધ્યાન આપવાનું ટાળવું જોઈએ. આવો જાણીએ શું છે સમગ્ર મામલો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક મેસેજમાં કહેવામાં આવ્યું છે કે ૫૦૦ રૂપિયાની નોટ ન લેવી જોઈએ જેમાં લીલી પટ્ટી આરબીઆઈ ગવર્નરના હસ્તાક્ષરની નજીક નહીં પરંતુ ગાંધીજીની તસવીરની નજીક હોય.

### ભારતીય રિઝર્વ બેંકનું કડક વલણ

# એક્સિસ બેંક સહિત મોટી બેંકોને કરોડો રૂપિયાનો દંડ




**નિર્દેશોનું પાલન ન કરવા બદલ બેંક ઓફ મહારાષ્ટ્રને પણ ૧.૪૫ કરોડ રૂપિયાનો દંડ**

મુંબઈ,તા.૨૫

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ કહ્યું કે તેણે અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ જમ્મુ અને કાશ્મીર બેંક પર ૨.૫ કરોડ રૂપિયાનો દંડ લાદ્યો છે. આરબીઆઈ દ્વારા જારી કરાયેલા અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ બેંક ઓફ મહારાષ્ટ્રને પણ ૧.૪૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. અન્ય એક નિવેદનમાં, કેન્દ્રીય બેંકે કહ્યું કે એક્સિસ બેંક પર ૩૦ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે. તેમાં જણાવ્યું હતું કે બેંકે ક્રેડિટ કાર્ડની બાકી રકમની મોડી ચુકવણી માટે કેટલાક ખાતાઓમાં દંડ વસૂલ કર્યો હતો, જોકે ગ્રાહકોએ નિયત તારીખ સુધીમાં અન્ય માધ્યમથી બાકી ચૂકવણી કરી હતી. આરબીઆઈએ કહ્યું કે દંડ નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારિત છે.

ભારતીય રિઝર્વ બેંકએ એનબીએફસી માટે નિર્ધારિત નિયમોની અમુક જોગવાઈઓનું પાલન ન કરવા બદલ મણપ્પુરમ ફાઈનાન્સ પર રૂ. ૨૦ લાખનો દંડ લાદ્યો છે. રેગ્યુલેટરે કહ્યું કે કંપની તરફથી અસંતોષકારક જવાબના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. આરબીઆઈએ તેની નાણાકીય સ્થિતિને જોતા માર્ચ ૨૦૨૧ સુધીમાં સંસ્થાની વૈધાનિક પરીક્ષા હાથ ધરી હતી. આ દરમિયાન જાણવા મળ્યું કે મણપ્પુરમ ફાઈનાન્સે ૯૦ દિવસથી વધુ સમયથી બાકી રહેલ લેણાંને નોન-પર્ફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કર્યું નથી.રિઝર્વ બેંકના નિયમોની અવગણનાથી અન્ય બેંકને ભારે નુકસાન થયું છે. ભારતીય રિઝર્વ બેંકએ નિયમનકારી જોગવાઈઓના ઉલ્લંઘન બદલ બિહાર સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, પટના પર રૂ. ૬૦.૨૦ લાખનો દંડ ફટકાર્યો છે. જણાવી દઈએ કે ઈંમે એ બેંકોના રોજબરોજના કામકાજને લઈને કડક નિયમો બનાવ્યા છે અને રિઝર્વ બેંક સમયાંતરે દેશની ખાનગી, સરકારી અને સહકારી બેંકોના કામકાજની સમીક્ષા કરતી રહે છે. આ દરમિયાન પટનાની બિહાર સ્ટેટ કોઓપરેટિવ બેંક લિમિટેડ વતી નિયમોના ઉલ્લંઘનનો મામલો સામે આવ્યો છે.

### ડિજીટલ યુગમાં ઈ-કોમર્સ આપણા જીવનનો અનિવાર્ય હિસ્સો છે ત્યારે

# ફ્લિપકાર્ટે ઓપન બોક્સ ડિલિવરી રજૂ કરી




**ગ્રાહકના હિતોને પ્રાધાન્ય આપવા, વિશ્વાસ વધારવા અને સીમલેસ ખરીદી યાત્રાની ખાતરી કરવા માટે રચાયેલ પહેલ**

નવી દિલ્હી, તા.૨૫

આજના ડિજીટલ યુગમાં, જ્યારે ઈ-કોમર્સ આપણા જીવનનો અનિવાર્ય હિસ્સો બની ગયો છે, ત્યારે ઉત્પાદનની અધિકૃતતા અને ડિલિવરીની વિશ્વસનીયતા અંગેની ચિંતાઓ, પ્રથમ વખતના ઓનલાઈન ખરીદદારો અને ઉચ્ચ મૂલ્યની વસ્તુઓ ખરીદનારાઓને રોકી શકે છે. આ પકડારો વચ્ચે, ફ્લિપકાર્ટ ઉત્પાદનની વિશાળ શ્રેણી અને અનુકૂળ શોપિંગ અનુભવો ઓફર કરતાં અગ્રણી પ્લેટફોર્મ તરીકે ઊભરી આવ્યું છે. તેણે ખરીદીની પ્રક્રિયાના દરેક પગલા પર ગ્રાહકોની ચિંતાઓને સંબોધિત કરવા માટે નવીનતા ચાલુ રાખવા માટે તેના ટેકનોલોજી-દોરીત પ્લેટફોર્મનો લાભ લઈને આમ કર્યું છે. કંપનીએ ઓપન બોક્સ ડિલિવરી રજૂ કરી છે, જે ગ્રાહકના હિતોને પ્રાધાન્ય આપવા, વિશ્વાસ વધારવા અને સીમલેસ ખરીદી યાત્રાની ખાતરી કરવા માટે રચાયેલ પહેલ છે.ફ્લિપકાર્ટ ઓનલાઈન શોપિંગની વાત આવે ત્યારે ગ્રાહકોને હોઈ શકે તેવી આશંકાઓને ઓળખે છે, ખાસ કરીને સ્માર્ટફોન અને મોટા જેવા ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનોનાં સંદર્ભમાં, ઈલેક્ટ્રોનિક્સ વ્યાપક વપરાશકર્તા સંશોધન હાથ ધરીને, ફ્લિપકાર્ટે સામાન્ય ચિંતાઓ જેવી કે ડિલિવરી ન થયેલ અથવા ક્ષતિગ્રસ્ત સામાન, ખોવાયેલા શીપમેન્ટ અને ખોટી ડિલિવરી જેવી સામાન્ય ચિંતાઓને દૂર કરીછે. એકાઉન્ટ પ્રોટેકશન, સુરક્ષીત ચૂકવણી વિકલ્પો, સુરક્ષિત પેકેજિંગ, સમયસર ડિલિવરી અને મુશ્કેલી-મુક્ત વળતર જેવા મજબૂત પગલાંના અમલીકરણો પ્રથમ વખત ખરીદનારાઓમાં સફળતાપૂર્વક વિશ્વાસ જગાડયો છે, તેમને વફાદાર અને અનુભવી ખરીદદારોમાં પરીવર્તિત કર્યા છે. ગ્રાહક સંતોષ અને વિશ્વાસ માટે તેની ચાલુ પ્રતિબદ્ધતામાં, ફ્લિપકાર્ટે ઓપન બોક્સ ડીલીવરી રજૂ કરી છે. આ નવીન સેવા ગ્રાહકોને ડિલિવરી સ્વીકારતા પહેલા વ્યકિતગત રીતે તેમના શિપમેન્ટને ચકાસવા અને તેનું નિરીક્ષણ કરવાની શક્તિ આપે છે, જે તેમને ઉત્પાદનની અધિકૃતતા અને સ્થિતીના આધારે જાણકાર નિર્ણય લેવા સક્ષમ બનાવે છે.જ્યારે ગ્રાહકો પાત્ર વસ્તુઓ માટે ઓર્ડર આપે છે, ત્યારે તેઓ ચેકઆઉટ પ્રક્રિયા દરમ્યાન, જે સૂચના પ્રાપ્ત કરે છે જે દર્શાવે છે કે ઓપન બોક્સ ડિલિવરી તેમના ચોક્કસ પિનકોડ વિસ્તારમાં ઉપલબ્ધ છે કે કેમ. એકવાર ઓર્ડર ડિલીવરી માટે તૈયાર થઈ જાય પછી ગ્રાહકોને ડિલીવરી સ્થિત અને સૂચનાઓ સહિત વ્યાપક વિગતો ધરાવતો એસએમએસપ્રાપ્ત થાય છે. ગ્રાહકના ઘરે પહોંચતા પહેલા ફ્લિપકાર્ટ વિશમાસ્ટર (ડિલીવરી પાર્ટનર) ગ્રાહકનો સંપર્ક કરે છે અને ઓપન બોક્સ ડિલીવરી કરવા માટે તેમની સંમતી માંગે છે.વિશમાસ્ટર ગ્રાહકની હાજરીમાં ઉત્પાદનના પ્રાથમિક અને ગૌણ પેકેજિંગને કાળજીપૂર્વક ખોલે છે. જે ઓપન બોક્સ ડિલિવરી સાથે સંકળાયેલા લાભોની સ્પષ્ટ સમજૂતી આપે છે. પછી ગ્રાહકને કોઈપણ ભૌતિક નુકશાન માટે વિતરીત ઓર્ડરની સંપૂર્ણ તપાસ કરવાની તક આપવામાં આવે છે ગ્રાહક બોક્સની સામગ્રીઓથી સંતુષ્ટ થાય અને ખાતરી કરે કે યોગ્ય ઉત્પાદન સંપૂર્ણ સ્થિતીમાં પહોંચાડવામાં આવ્યું છે, પછી જ તેઓ સુરક્ષિત વન ટાઈમ પાસવર્ડ શેર કરીને ડીલીવરી સ્વીકારવા આગળ વધે છે.

# પાકિસ્તાનમા ડોલરના ફાંફા, ખાવા પીવાની વસ્તુઓની આયાત અટકી ગઈ

ઈસ્લામાબાદ,તા.૨૫

આથિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનની મુશ્કેલીઓમાં ઘટાડો થવાના કોઈ એંધાણ જણાતા નથી.ઉલટાનુ દેશની પરેશાનીઓ વધી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર ડોલરની અછતના કારણે દેશમાં ખાવા પીવાની વસ્તુઓની આયાત સંપૂર્ણપણે રોકાઈ ગઈ છે. જેના કારણે બંદરો પર હજારો કન્ટેનરોનો ખડકલો થયેલો છે. નિયત સમયમાં ડિલિવરી નહીં લેનારા વેપારીઓને વધારે ટેક્સ તેમજ દંડ પણ ભરવો પડે તેવી સ્થિતિ છે.

કરાચીના હોલસેલ ગ્રોસર્સ એસોસિએશનનુ કહેવુ છે કે, દેશમાં ડીલરોને ડોલરની અછતના કારણે આયાત રોકવાની ફરજ પડી રહી છે. કારણકે બેક્રોએ ડીલરોને વસ્તુઓની આયાત કરવા માટે ડોલર આપવાનો ઈનકાર કરી દીધો છે.પાકિસ્તાની મીડિયાએ એસોસિએશનના હવાલાથી કહ્યુ છે કે, ૨૫ જૂન બાદ કોઈ શિપમેન્ટ મોકલવામાં નહીં આવે અને હાલમાં બંદરો પર જે વસ્તુઓ આવીને પડી રહી છે તેની ડિલિવરી માટે જ એસોસિએશન જવાબદાર રહેશે. એ પછી કોઈ જાતના શિપમેન્ટના પ્રવેશને મંજૂરી આપવામાં નહીં આવે.જાન્યુઆરી મહિનામાં પણ આવી સ્થિતિ સર્જાઈ હતી અને ફૂડ પ્રોડક્ટ થતા તબીબી સારવાર માટેના ઉપકરણોને બંદર પર જ રોકી દેવામાં આવ્યા હતા. જાણકારોનુ માનવુ છે કે,આ જ સ્થિતિ રહી તો પાકિસ્તાનને ખાવાની વસ્તુઓની અછતનો સામનો કરવો પડશે અને આવી વસ્તુઓની પહેલેથી જ ઉંચી કિંમત હજી વધશે.

**વિવિયાના પાવર ટેક લિમિટેડ**

રજી. કચેરી : "૩૧૩-૩૧૫, ઓર્કિડ પ્લાઝા, મેકડોનાલ્ડની પાછળ, સમા - સાવલી રોડ, વડોદરા, ગુજરાત, ઈન્ડિયા. ફોન નં.: ૦૯૪૨૮૧૩૯૬૩૩
ઈમેલ : info@vivianagroup.in, વેબસાઈટ : https://www.vivianagroup.in
સીઆઈએન : L31501GJ2014PLC081671

**વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજાનારી ૯મી વાર્ષિક સામાન્ય સભાનું (એ.જી.એમ.) અન્વયે નોટીસ અને ઈ-વોટીંગની માહિતી**

આ નોટીસ અન્વયે સુચિત કરવામાં આવે છે કે વિવિયાના પાવર ટેક લિમિટેડ (કંપની) ના સભ્યોની ૯મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા.૨૧/૦૭/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવામાં આવેલ છે. મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ એફર્સ દ્વારા પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તારીખ ૫ મે, ૨૦૨૦ તેમજ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ તેમજ પરિપત્ર નં.૨/૨૦૨૨ તારીખ ૫ મે, ૨૦૨૦, પરિપત્ર નં.૧૦ તારીખ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ અનુસાર વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં દર્શાવ્યા મુજબ એજેન્ડાના ઠરાવ માટે નેશનલ સીક્યુરીટીસ ડીપોઝીટરી લીમીટેડ (એન.એસ.ડી.એલ.) દ્વારા આપવામાં આવેલ વીડીઓ કોન્ફરન્સ (વી.સી.) અથવા અધર ઓડિયો વિડિયો મીન્સ (ઓ.એ.વી.એમ.) ના માધ્યમ દ્વારા યોજવામાં આવેલ છે. એ.જી.એમ.માં જોડવા માટે સૂચનો એ.જી.એમ.ની નોટીસમાં જણાવેલા છે. ઉપર જણાવેલ પરિપત્ર તેમજ એસ.ઈ.બી.આઈ. (સેબી) દ્વારા આપવામાં આવેલ ૧૨ મે, ૨૦૨૦, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૧, ૧૩ મે, ૨૦૨૨ અને ૫ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજના પરિપત્ર અન્વયે સભ્યોનું ધ્યાન દોરવામાં આવેલ છે કે એ.જી.એમ. નોટીસ અને ૩૧ માર્ચ, ૨૦૨૩ ના વર્ષનો વાર્ષિક અહેવાલ આજરોજ ફક્ત એવાજ સભ્યોને ઈલેક્ટ્રોનીકલી મોકલાવી આપવામાં આવી રહ્યો છે કે જેઓ એ ઈ-મેલ આઈડી કંપનીના રજીસ્ટ્રાર ડીપોઝીટરી પાર્ટીસીપન્ટમાં (ડી.પી.) નોંધાવેલ છે. એવા સજ્ઞભ્યો કે જેઓએ તેઓના ઈ-મેલ આઈડી નોંધાવેલ નથી તેઓને ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ અથવા રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ - સ્કાયલાઈન ફાઈનાન્શયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ admin@sklinerta.com પર નોંધણી કરાવવા વિનંતી છે.

કંપની દ્વારા, ૨૦૧૩ કલમ ૯૧ મુજબ, એ.જી.એમ. માટે સભ્યોના રજીસ્ટર અને ટ્રાન્સફર બુક્સ શુક્રવાર ૧૪ જુલાઈ, ૨૦૨૩ થી શુક્રવાર ૨૧ જુલાઈ, ૨૦૨૩ (બન્ને દિવસ ગણીને) સુધી બંધ રાખવામાં આવશે.

એ.જી.એમ. નોટીસમાં જણાવ્યાનુસાર વેપારીની વસ્તુઓ અન્વયે પોતાના મત આપવા માટે (એન.એસ.ડી.એલ.) દ્વારા આપવામાં આવેલા ઈલેક્ટ્રોનીક વૉટિંગ દ્વારા રીમોટ ઈ-વોટિંગની સુવિધા કંપની દ્વારા તેમના સભ્યોને આપવામાં આવશે. એવા તમામ સભ્યો કે જેઓ શેર ધરાવે છે અને સભ્યોના રજીસ્ટરમાં અથવા ડીપોઝીટરી દ્વારા જણાવામાં આવેલ બેનીફીશીયરી ઓનર ના રજીસ્ટરમાં કટ ઑફ તારીખ શુક્રવાર ૧૪ જુલાઈ, ૨૦૨૩ પહેલા નોંધાયેલા હોય તેઓજ ઈ-વોટિંગના હક્કદાર છે. રીમોટ ઈ-વોટિંગ મંગળવાર ૧૮ જુલાઈ, ૨૦૨૩ ના રોજ સવાર ના ૧૦:૦૦ કલાકે થશે અને ગુરૂવાર ૨૦ જુલાઈ, ૨૦૨૩ ના સાંજના ૦૫:૦૦ કલાકે બંધ થશે. ત્યારબાદ ઈ-વોટિંગ બંધ કરી દેવામાં આવશે. કોઈપણ વ્યક્તિ કે જે કંપનીના શેર સભ્ય એ.જી.એમ.ની નોટીસ બાદ બને છે અને કટ ઑફ ના દિવસે શેર ધરાવતા હોય તેઓને evoting@nsdl.co.in ઉપર યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા વિનંતી છે. અથવા જો એન.એસ.ડી.એલ. માં ઈ-વોટિંગ માટે નોંધાવેલ હોય તો તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકશે.

ઈ-વોટિંગની સવલત એ.જી.એમ. દરમિયાન એજ સભ્યોને મળશે કે જેઓ વી.સી./ઓ.વી.સી.એમ. થકી ભાગ લીધો હશે અને તેઓએ અગાઉ મત આપ્યો નહિ હોય. એ.જી.એ. ની નોટીસ કંપનીની વેબસાઈટ www.vivianagroup.in પર, સ્ટોક એક્સ્ચેન્જની વેબસાઈટ www.nseindia.com પર અને એન.એસ.ડી.એલ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

આ ઉપરાંત ઈ-વોટિંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો ફ્રીકવન્ટલી આસ્કડ કવેશ્ચન્સ ("FAQs") અને ઈ-વોટિંગ મેન્યુઅલ , હેલ્પ સેક્શનમાં મળશે અથવા તો ઈ-મેલ અથવા તો ફોન ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦

નિયામક મંડળના આદેશથી
વિવિયાના પાવર ટેક લિમિટેડ
તારીખ : ૨૬.૦૬.૨૦૨૩ હિરલ ભટ્ટ
સ્થળ : વડોદરા કંપની સેક્રેટરી

# સ્વિસ બેંકોમાં ભારતીયોની જમા રકમ ૧૧ ટકા ઘટી

નવીદિલ્હી,તા.૨૫

સ્વિસ બેંકોમાં ભારતીય કંપનીઓ અને ભારતીયો દ્વારા જમા કરાવવામાં આવેલ રકમ ૨૦૨૨માં ૧૧ ટકા ઘટીને ૩.૪૨ અબજ સ્વીસ ફ્રેંક (૩૦,૦૦૦ કરોડ રૂપિયા) રહી છે૨૦૨૧માં ભારતીય કંપનીઓ અને ભારતીયો દ્વારા જમા કરાવવામાં આવેલ રકમ ૩.૮૩ અબજ સ્વીસ ફ્રેંક હતી. જે ૧૪ વર્ષની સૌથી વધુ રકમ હતી.બેંકો દ્વારા આ સત્તાવાર આંકડા સ્વિસ નેશનલ બેંકને રજૂ કરયા છે. અમાં કાળા નાણાંનો સમાવેશ નથી. એ રકમનો પણ સમાવેશ થતો નથી જે ભારતીયો, એનઆરઆઈ અને અન્ય લોકોએ સ્વીસ બેંકોમાં ત્રીજા દેશના એકમો તરીકે જમા કરાવી છે.સ્વિસ નેશનલ બેંકેભારતીયોએ જમા કરાવેલ ૩.૪૨ અબજ સ્વીસ ફ્રેંકની રકમને કુલ જવાબદારી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં ભારતીયો દ્વારા જમા કરાવેલ રકમ ૬.૫ અબજ સ્વીસ ફ્રેંક હતી.વિદેશી કંપનીઓ અને વિદેશી કલાયન્ટોની સ્વિસ બેંકોમાં જમા રકમ ૨૦૨૨માં ૧.૧૫ ટ્રિલિયન સ્વીસ ફ્રેંક (૧૨૫ લાખ કરોડ રૂપિયા) હતી. વિદેશી કલાયન્ટની જમા રકમની બાબતમાં બ્રિટન ટોચ પર છે. ત્યારબાદ બીજા ક્રમે અમેરિકા છે. વિદેશી કલાયન્ટની જમા રકમની બાબતમાં બ્રિટન૩૦૯ અબજ સ્વિસ બેંકની રકમ સાથે પ્રથમ ક્રમે છે. ૧૩૩ અબજ સ્વિસ બેંકની રકમ સાથે અમેરિકા બીજા ક્રમે છે.

# ભારતમાં એર કન્ડિશનર્સથી હાનિકારક ગેસનું પ્રદૂષણ વધવાનું જોખમ: અભ્યાસ




નવીદિલ્હી,તા.૨૩

ભારતમાં એર કન્ડિશનર્સના સતત વધતા ઉપયોગને કારણે વાતાવરણમાં હાનિકારક ગેસનું પ્રદૂષણ વધવાનું જોખમ છે. એક અભ્યાસ મુજબ ૨૦૫૦ સુધીમાં માત્ર છઝને કારણે હાનિકારક પ્રદૂષણમાં ૧૨ કરોડ મેટ્રિક ટનનો વધારો થવાની શક્યતા છે.સાયન્ટિફિક રિપોર્ટ્સમાં પ્રકાશિત એક રિસર્ચમાં યુરોપ અને ભારતને ઠંડું રાખવા એસી અને વીજળીની માંગની 'ક્લાઈમેટ ચેન્જ' પર અસરનું ઉદાહરણ અપાયું છે.

રિસર્ચર્સના જણાવ્યા અનુસાર ઈંધણની અત્યારની સ્થિતિ અનુસાર હાનિકારક ગેસના પ્રદૂષણનું જોખમ વધશે. આગામી સમયમાં યુરોપના સમૃદ્ધ અને ભારતના પ્રમાણમાં ગરીબ દેશોના રહેણાક વિસ્તારોમાં એસી ખરીદવા માટે ધસારો તેમજ તેના કારણે વીજ વપરાશમાં વૃદ્ધિ નોંધાશે. અભ્યાસમાં જણાવ્યા અનુસાર ૨૦૫૦ સુધીમાં તાપમાન ૨-૩ ડિગ્રી સેલ્સિયસ વધવાનો અંદાજ છે ત્યારે યુરોપમાં એસીનું વેચાણ બમણું થઈ શકે. જ્યારે ભારતમાં તેની માંગ ચાર ગણી થવાની શક્યતા છે.

સૂચિત ગાળામાં એસીનો વ્યાપ યુરોપ અને ભારતના ૪૦ ટકા હિસ્સામાં થશે. રિસર્ચર્સના અંદાજ પ્રમાણે એસી જેવી કૂલિંગ ટેક્નોલોજિસને કારણે ૨૦૫૦ સુધીમાં યુરોપની ૪૦ ટકા અને ભારતની ૩૫ ટકા વસ્તી ઓછી ગરમી વેઠશે. જોકે, તેને લીધે હાનિકારક ગેસના પ્રદૂષણ પર નોંધપાત્ર અસર થશે. ૨૦૫૦ સુધીમાં એસીના વધતા વપરાશને કારણે વીજળીની માંગ વધશે. તેને લીધે યુરોપમાં કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનનું પ્રમાણ ૭૦ લાખથી ૧.૭ કરોડ ટન વધશે. જ્યારે ભારતમાં કાર્બન ઉત્સર્જનમાં ૩.૮ કરોડથી ૧૬ કરોડ ટનનો વધારો નોંધાશે. ઈટલીના વેનિસની કા ફોસ્કારી યુનિવર્સિટીના પ્રોફેસર એન્રિકા દિ સિઆને જણાવ્યું હતું કે, 'વીજળીનું ઉત્પાદન હજુ કોલસા સહિતના બળતણજન્ય ઈંધણ પર આધાર રાખે છે અને એટલે વીજ વપરાશ વધવાથી હાનિકારક ગેસનું પ્રદૂષણ વધવાનું જોખમ છે.'